# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૦ તા. ૦૧-૧૨-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી તથા અરસ-પરસ બદલી અંગે

સંદર્ભ :-૧. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક/તા.૨૩-૫-૧૨

૨. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક/તા.૧૮-૨-૧૪

૩. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક/તા.૫-૭-૧૪

૪. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક/તા.૨-૮-૧૪

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે શિક્ષણ વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવોથી પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેની સર્વ સામાન્ય સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જિલ્લા ફેરબદલી અંગેની સુચના પ્રકરણ-ઘ(૩) અન્વયે જિલ્લા ફેરબદલી ઈચ્છતા શિક્ષકોએ જે તે વર્ષની ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર સુધીમાં જિલ્લા ફેરબદલી અંગેની અરજી નિયત ફોર્મમાં પોતાની સમિતિમાં શાસનાધિકારીને કરવાની રહે છે તેમજ પ્રકરણ-ચ(૨) મુજબ અરસપરસ જિલ્લા ફેરબદલી માટે સંબંધિત નગર શિક્ષણ સમિતિને ૩૧મી માર્ચ સુધી અરસપરસ જિલ્લા ફેરબદલીની અરજી કરવાની રહે છે. આથી જિલ્લા ફેરબદલી તથા અરસપરસ બદલી કરાવવા ઈચ્છતા શિક્ષકોએ જિલ્લા ફેરબદલી તથા અરસપરસ બદલીની અરજીઓ અંગેનું ફોર્મ મુખ્ય શિક્ષકશ્રી તથા મદદનીશ શાસનાધિકારીશ્રીની ભલામણ સાથેના રિપોર્ટથી ડીસેમ્બર માસમાં એસ્ટાબ્લીશમેન્ટ બ્રાંચ, એલિસબ્રીજ-૧૦, નવરંગપુરા ખાતેથી મેળવવાના રહેશે. ડીસેમ્બર માસ સિવાય જિલ્લા ફેરબદલીના ફોર્મ આપવામાં આવશે નહિં. જિલ્લા ફેરબદલી માટેની સૂચનાઓ નીચે મુજબ છે તેનો અમલ કરવો.

(૧) જિલ્લા ફેરબદલી તથા અરસ-પરસ બદલી માટેની અરજી એક જ વખત કરવાની રહેશે જે કાયમ રાખવાની રહેશે.

(૨) જિલ્લા ફેરબદલી તથા અરસ-પરસ બદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન માત્ર એક જ વખત મળી શકશે.

(૩) જિલ્લા ફેરબદલીથી તથા અરસ-પરસ બદલીથી બદલાઈ જવા માગતા શિક્ષકે અરજીપત્રકની ત્રણ ઝેરોક્ષ નકલ કઢાવ્યા બાદ સ્વહસ્તાક્ષરથી ભરી તેમાં શાળાના મુખ્યશિક્ષકશ્રી તથા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીના સહી સિક્કા કરાવી રૂબરૂમાં ડીસ્પેચ બ્રાંચ મુખ્ય ઓફિસ ખાતે જમા કરાવવાના રહેશે. ટપાલમાં કે અન્ય રીતે મોકલેલ અરજીની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહીં.

(૪) જિલ્લા ફેરબદલીથી બદલાઈ જવા માંગતા શિક્ષકની નોકરી જે તે શિક્ષણ સમિતિમાં જે તે વર્ષની ૩૧ ડીસેમ્બર સુધી પાંચ વર્ષની પૂર્ણ હોવી જોઈશે તથા વિદ્યાસહાયક પૂરા પગારી પાત્રતા ધરાવતા હોવા જોઈશે. અરસપરસ જિલ્લા ફેરબદલી માટે સંબંધિત નગર શિક્ષણ સમિતિને ૩૧મી માર્ચ સુધી અરસ પરસ જિલ્લા ફેરબદલીની અરજી કરવાની રહેતી હોવાથી ૩૧મી માર્ચના રોજ અરજી કરતી વખતે પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ.

(૫) અરસપરસ જિલ્લા ફેરબદલીમાં સંકળાયેલા બન્ને શિક્ષકોને પરસ્પર એક બીજાની શાળામાં જ મુકવાના રહેશે અન્ય શાળામાં નિમણૂંક આપી શકાશે નહિં.

(૬) નિવૃત્તિને પાંચ વર્ષથી ઓછો સમય બાકી હોય તેમને અરસપરસ બદલીનો લાભ મળી શકશે નહીં.

(૭) અરસપરસ જિલ્લા ફેરબદલી માંગતા બન્ને શિક્ષકો એક જ વિભાગ તથા વિષયના હોવા જોઈએ. જુદા-જુદા વિભાગ તથા વિષયના શિક્ષકોની અરસપરસ જિલ્લા ફેરબદલી થઈ શકશે નહિ એટલે કે પ્રાથમિક શિક્ષકની સામે પ્રાથમિક શિક્ષક અને જે તે વિષયના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની સામે જે તે વિષયના ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની અરસપરસ જિલ્લા ફેરબદલી થઈ શકશે.

(૮) વિધવા/ અપંગ/ દંપત્તિ તથા વાલ્મીકી સમાજના કિસ્સામાં અરજી સાથે જરૂરી આધાર પુરાવા રજુ કરવાના રહેશે. અન્યથા અરજી રદ કરવામાં આવશે. વિધવા કેટેગરીમાં લાભ લેવા માટે અરજદારે પતિના મરણનો દાખલો તથા વિધવા હોવા બાબતનું રૂા.૫૦/-(રૂપિયા પચાસ)ના સ્ટેમ્પ ઉપર સોગંદનામું રજુ કરવાનું રહેશે. શારીરિક વિકલાંગ શિક્ષક/શિક્ષિકાએ વિકલાંગતાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. દંપતિના કિસ્સામાં લગ્ન અંગેનું લગ્ન નોંધણી પ્રમાણપત્ર તથા પતિ/પત્નિ જે શાળામાં નોકરી કરતા હોય તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીનો દાખલો અરજી સાથે જોડવાનો રહેશે તથા સંદર્ભ નં.૨ મુજબ અન્ય દંપત્તિ કેસમાં પતિ કે પત્નિ જે સંસ્થા કે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીનાં વડાનું આ સાથે સામેલ નમુના મુજબનું પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.

(૯) અરસ-પરસથી બદલીની માંગણી કરનાર શિક્ષકોની અરજીની તારીખે પાંચ વર્ષની સેવા બાકી હોવી જોઈએ. આ રીતે બદલી થયા પછી શિક્ષક પાંચ વર્ષ સુધી સ્વૈચ્છિક નિવૃત્તિ માંગશે નહી તેની લેખિત બાંહેધરી અરજી કરતી વખતે આપવાની રહેશે.

(૧૦) અરસ-પરસથી બદલીની માંગણી કરનાર બંને શિક્ષકોની માંગણી તેમના વતનના તાલુકા / જિલ્લામાં જવાની હોવી જોઈએ અને મહિલા શિક્ષિકા માટે તેના સાસરી કે પીયરના જિલ્લા / તાલુકાની માંગણી હોવી જોઈએ. તે સિવાયના કોઈપણ કારણોસર અરસ-પરસ બદલીની માંગણી થઈ શકશે નહીં તેમજ આધાર-પુરાવા સાથેના પ્રતિતિકર કારણો હોય તેવા કેસોમાં જ અરસ-પરસ બદલી કરી શકાશે. અરસ-પરસ બદલી માંગતા બન્ને શિક્ષકો એક જ વિભાગના અને વિષયના હોવા જોઈએ. જુદા જુદા વિભાગોના અને વિષયના શિક્ષકોની અરસ-પરસ બદલી થઈ શકશે નહીં.

તા. ૦૧-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક :પીઆરઈ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩-૫-૨૦૧૨ તથા તા.૧૮-૨-૨૦૧૪ના સુધારા ઠરાવ અન્વયે દંપત્તિના કીસ્સામાં ફેરબદલી માટે આપવાનું પ્રમાણપત્ર : જા.નં.

| | | | |
|---|---|---|---|
| ૧ | કર્મચારી / અધિકારીનું પુરૂ નામ | : | ............................................ |
| ૨ | જન્મ તારીખ | : | ............................................ |
| ૩ | હોદ્દો | : | ............................................ |
| ૪ | ખાતામાં દાખલ તારીખ | : | ............................................ |
| ૫ | હાલની કચેરી / સંસ્થામાં દા.તા. | : | ............................................ |
| ૬ | કચેરી /સંસ્થાનું નામ | : | ............................................ |
| | સરનામું | | ............................................ |
| | તાલુકો :...................................... જિલ્લો :...................................... | | |
| | ટેલીફોન નંબર | : | ............................................ |
| ૭ | પગારની વિગત | | |
| | એ. પુરા પગાર /ફિક્સ પગાર | : | ............................................ |
| | બી. પગાર ધોરણ(બેઝિક) | : | ............................................ |
| | પે બેન્ડ | : | ............................................ |
| | ગ્રેડ પે | : | ............................................ |
| | સી. ફીકસ પગારમાં હોય તો નિયમિત પગાર ધોરણમાં સમાવવાની તારીખ :........................ | | |
| | ડી. નિયત સમય(પાંચ વર્ષ) બાદ નિયત પગારમાં સમાવવા પાત્ર છે કે કેમ ? હા/ના ........ | | |
| ૮ | નિવૃત્તિ તારીખ | : | ............................................ |

ઉપરોકત પ્રમાણપત્ર શ્રી / શ્રીમતિ...................................................ની અસલ સેવાપોથીની સાથે ખરાઈ કરીને તેમના પતિ/પત્નિ શ્રી/શ્રીમતિ............................................. હોદ્દો ................. પ્રા. શાળા ............................... તાલુકો ............. જિલ્લો ........ ની બદલીના હેતુસર આપવામાં આવે છે.

સ્થળ :- કચેરી / સંસ્થાના વડાની સહી :..........................

તારીખ :- સહી કરનારનું નામ :.................................

કચેરીનું સીલ કચેરી / સંસ્થાનો સિકકો

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૦-A તા.૦૧-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૧ લી ડિસેમ્બર 'સમાજ શિક્ષણ દિન'ના ફાળા બાબત.

સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના પત્રક્રમાંક-૧૩૫/સાશિ/ફા/૧૨-૨૧-૨૨ તા.૨૯-૧૧-૨૦૨૧ અન્વયે.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ''અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ'' દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેસ, વાંચે ગુજરાત, ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ર થાય તેવા પ્રયાસો કરવા. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે નાણાં આપી પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૦૧-૧૨-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૦ -B તા.૦૧-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્કૂલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી(SDMC) ની રચના કરવા બાબત.

સંદર્ભ :- ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૨૧/૧૦૮૩/ક/ સચિવાલય,ગાંધીનગર તા.૨૬-૧૦-૨૦૨૧

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે શાળાના બાળકોની સલામતી અને સુરક્ષા માટે કુદરતી હોનારત / આફતો કે માનવ સર્જિત આફતોનો સામનો કરી શકે તેની તાલીમ મળે તે માટે તમામ મ્યુનિ.શાાળાઓમાં આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે સ્કૂલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી (SDMC)ની રચના કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૧-૧૨-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ<br>શાસનાધિકારી

સ્કુલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કમિટિ
(SDMC) ની રચના કરવા બાબત.

... OCT 2021
... નં. ૮૮૩૨૬૯
... : ૨૯/૧૦/૨૧

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૨૧/૧૦૮૩/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૬/૧૦/૨૦૨૧

**વંચાણે લીધાં:**

(૧) Gujarat Institute Of Disaster Management નો તારીખ ૧૮/03/૨૦૨૧નો પત્ર ક્રમાંક : GIDM/Trg/GIDM-SS/02/2021/208-209

(૨) સમગ્ર શિક્ષા અભિયાન, ક્યુઇ સેલની તારીખ ૨૧/0૬/૨૦૨૧ની સ્કુલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કમિટિ (SDMC) ની રચના કરવા અંગેની દરખાસ્ત.

**પ્રસ્તાવના :**

Gujarat Institute Of Disaster Management ના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના તારીખ ૧૮/03/૨૦૨૧ ના પત્રથી શાળાની તેમજ શાળાના બાળકોની સલામતી અને સુરક્ષા માટે કુદરતી હોનારત/આફતો કે માનવસર્જિત આફતોનો સામનો કરી શકે તેની તાલીમ મળે તે માટે ગુજરાત રાજ્યની તમામ શાળાઓમાં સ્કુલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ કમિટિ (SDMC) ની રચના કરવા બાબતે જણાવેલ છે. સદર કમિટિ રચવા અંગે સમગ્ર શિક્ષા અભિયાન, ક્યુઇ સેલ દ્વારા સીંગલ વિન્ડો ફાઇલથી વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તારીખ ૨૧/0૬/૨૦૨૧ પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, નીચે જણાવેલ સભ્યોની કમિટિમાં સમાવિષ્ટ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | આચાર્યશ્રી | ચેર પર્સન |
| ૨ | મદદનીશ આચાર્ય, આશિ. શિક્ષક | સચિવ |
| 3 | જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી /શાસનાધિકારીશ્રીના પ્રતિનિધિ | પ્રતિનિધિ |
| ૪ | સ્કુલ સેફ્ટી FOCAL POINT TEACHER | સભ્ય |
| ૫ | વાલી-શિક્ષક મંડળના અધ્યક્ષ | સભ્ય |
| ૬ | ૪-વિદ્યાર્થીઓ(NCC,NSS, Scouts and Guides, Head Boy and Head Girl, Peer Educator | સભ્ય |

28 OCT 2021

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૭ | Relief/Revenue/Disater management Department/ District Administration /Municipal Corporation ના પ્રતિનિધિ | સભ્ય |
| ૮ | પોલીસ વિભાગના પ્રતિનિધિ (નજીકના પોલીસ સ્ટેશન માંથી) | સભ્ય |
| ૯ | હેલ્થ વિભાગના પ્રતિનિધિ (સ્થાનિક ડોક્ટર) | સભ્ય |
| ૧૦ | Fire Service, Electrical safety ના પ્રતિનિધિ (નજીકના Fire સ્ટેશનમાંથી) | સભ્ય |
| ૧૧ | સિવિલ ડીફેન્સમાંથી વોર્ડન | સભ્ય |
| ૧૨ | એન્જીનીયર (સમગ્ર શિક્ષા દ્વારા નિયુક્ત કરેલ) | સભ્ય |
| ૧૩ | સ્થાનિક કડિયો | સભ્ય |
| ૧૪ | Aapda Mitra (જો હોય તો) | સભ્ય |
| ૧૫ | અન્ય પ્રતિનિધિ (ચેરપર્સન નક્કી કરે તે) | સભ્ય |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તારીખ ૨૦/૦૯/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિલીપ નાઇ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના :</u>

- માન. મંત્રીશ્રી (શિક્ષણ), માન. મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ), માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- શાસનાધિકારીશ્રી, શહેરી વિસ્તાર, બહુમાળી ભવન, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/ ૯૩૭૪૫-૧૩૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૨૪/૧૧/૨૦૨૧

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઉક્ત તા.૨૬/૧૦/૨૦૨૧ ના પરિપત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરાવવા સારૂ . . .

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના:-</u>
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . . .</u>
- દિલીપ નાઇ, સેક્શન અધિકારીશ્રી, ક-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૦-C તા.૦૧-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- 'હોમ લર્નિંગ' અંતર્ગત દૂરદર્શન કેન્દ્ર - ડીડી ગીરનાર પર શૈક્ષણિક કાર્યનું ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર સુધીનું સમયપત્રક બાબત.

સંદર્ભઃ- પત્ર ક્રમાંક : સમગ્ર શિક્ષા /ક્યુઈસેલ/૧/૨૦૨૧/૩૯૧૪૮-૨૨૨ તા.૩૦-૧૧-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જુન-૨૦૨૧થી શરૂ થયેલ ચાલુ શૈક્ષણિક વર્ષ અંતર્ગત ૧૦ જૂનથી ૧૭ જુલાઈ દરમ્યાન બ્રિજકોર્ષ : કલાસરેડીનેશ(જ્ઞાનસેતુ) કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજયકક્ષાએથી ધો.૧ થી ૫, ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વિડીયો / શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમથી એટલે કે દુરદર્શન કેન્દ્ર/ડી.ડી.ગીરનાર ચેનલથી ૨૨ જુલાઈ-૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે.

આ અંગે ધો-૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે દુરદર્શન/ડી.ડી.ગીરનાર પરથી તારીખ ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર-૨૦૨૧ માસના અદ્યતન પ્રક્રિયા આધારિત શૈક્ષણિક વિડીયો માટેનું સમયપત્રક આ સાથે સામેલ છે. જેની જાણ વિદ્યાર્થીઓ અને તેમનાં વાલીઓને કરવાની રહેશે.

બિડાણ :- ધો.૩ થી ૮નું તારીખ ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર-૨૦૨૧નું સમયપત્રક

તા.૦૧-૧૨-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારસી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨૩૮૪૦૪
email : - aspdssaguj@gmail.com
Toll Free No. 1800-233-7965

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૧/39148 - 222 તા- 30/૧૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા – તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા - તમામ
શાસનાધિકારીશ્રી -અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત.

**વિષય-"હોમ લર્નિંગ" અંતર્ગત દુરદર્શન કેન્દ્ર –ડીડી ગિરનાર પર શૈક્ષણિક કાર્યનું ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર સુધીનું સમયપત્રક**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૨૨.૧૧.૨૦૨૧થી શરુ થયેલ શૈક્ષણિક વર્ષ અંતર્ગત વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી ધો-૧ થી ૫, ધો- ૬ થી ૮ અને ધો- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વીડિયો/શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમથી એટલે કે દુરદર્શન કેન્દ્ર- ડી.ડી. ગિરનાર ચેનલથી પ્રસારિત કરવામાં આવી રહ્યા છે.

આ અંગે ધો-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓનું દુરદર્શન-ડીડી ગિરનારથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્ય અંતર્ગત **૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર-૨૦૨૧** માસના અધ્યયન પ્રક્રિયા આધારિત શૈક્ષણિક વીડિયો માટેનું સમયપત્રક આ સાથે સામેલ છે. જેથી આપના જિલ્લાની તમામ શાળાઓમાં બી.આર.સી/સી.આર.સી.કો.ઓ /શિક્ષકો મારફત વાલીઓ,વિદ્યાર્થીઓ સુધી આ સમયપત્રક પહોચાડવા વિનંતી છે.

**બિડાણ- ધો-૧ થી ૧૨ માટેનું ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર ૨૦૨૧ માસનું સમયપત્રક**

(જયશ્રી દેવાંગન)

નકલ સવિનય રવાના:
- માન.એસપીડીશ્રી,સદર કચેરી
- માન.નિયામકશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગર.
- માન.ચેરમેનશ્રી,મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી,પ્રા.શિક્ષણ,ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, GCERT, ગાંધીનગર.

## દૂરદર્શન કેન્દ્ર-ડીડી ગિરનાર ધ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમનું સમયપત્રક

## ડીસેમ્બર-૨૦૨૧

| ક્રમ | ધોરણ | સમય |
|---|---|---|
| 1 | **1** | 01:30 pm થી 02:00 pm |
| 2 | **2** | 02:00 pm થી 02:30 pm |
| 3 | **3** | 9:00 am થી 9:30am |
| 4 | **4** | 9:30 am થી 10:00am |
| 5 | **5** | 10:00 am થી 10:30am |
| 6 | **6** | 10:30 am થી 11:00am |
| 7 | **7** | 11:30 am થી 12:00 pm |
| 8 | **8** | 2:30 pm થી 3:00pm |
| 9 | **9/10** | 12:00 pm થી 1:00pm |
| 10 | **11/12** | 3:00 pm થી 4:00pm |

## હોમ લર્નિંગ - સમયપત્રક (પ્રજ્ઞા) ડીસેમ્બર 2021

| તારીખ | વાર | ધોરણ - 1 | ધોરણ - 2 |
|---|---|---|---|
| 01-12-2021 | બુધવાર | | |
| 02-12-2021 | ગુરુવાર | | |
| 03-12-2021 | શુક્રવાર | ગુજરાતી - ૪. બે બિલાડી અને વાંદરો (ભાગ-5) | ગુજરાતી - પુનરાવર્તન (ભાગ-૨) |
| 04-12-2021 | શનિવાર | ગણિત - ૪. સરવાળો (ભાગ-૧) | ગણિત - ૧૯. પેટર્ન-તરાહ (ભાગ-૨) |
| 05-12-2021 | રવિવાર | | |
| 06-12-2021 | સોમવાર | લેખન પ્રારંભ | આળસુ કાગડો (પુનરાવર્તન) |
| 07-12-2021 | મંગળવાર | આકૃતિ અને સ્થાન (પુનરાવર્તન) | ૧૫. શુ છે લાંબુ શુ છે ગોળ (પુનરાવર્તન) |
| 08-12-2021 | બુધવાર | | |
| 09-12-2021 | ગુરુવાર | | |
| 10-12-2021 | શુક્રવાર | ૧. કાગડો અને શિયાળ (પુનરાવર્તન) | ૧૦. વાંદરાભાઇનુ ઘર (પુનરાવર્તન) |
| 11-12-2021 | શનિવાર | ૨. ૧ થી ૫ સુધીની સંખ્યાઓ (પુનરાવર્તન) | એકમ - ૧૬. પુનરાવર્તન |
| 12-12-2021 | રવિવાર | | |
| 13-12-2021 | સોમવાર | ૨. રીંછ અને દડો (પુનરાવર્તન) | ૧૧. યજ્ઞનો ઘોડો (પુનરાવર્તન) |
| 14-12-2021 | મંગળવાર | ૬ થી ૯ સુધીની સંખ્યાઓ (પુનરાવર્તન) | ૧૭. તમે કેટલુ વજન ઉંચકી શકો છો ? (પુનરાવર્તન) |
| 15-12-2021 | બુધવાર | | |
| 16-12-2021 | ગુરુવાર | | |
| 17-12-2021 | શુક્રવાર | 3. સૂરજ અને શશી (પુનરાવર્તન) | ૧૨. બે મિત્રો (પુનરાવર્તન) |
| 18-12-2021 | શનિવાર | સરવાળો (ભાગ-૨) | ૧૮. દશકની ગણતરી (પુનરાવર્તન) |
| 19-12-2021 | રવિવાર | | |
| 20-12-2021 | સોમવાર | બે બિલાડી અને વાંદરો ((પુનરાવર્તન) | ૧૩. ચકો અને ચકી (પુનરાવર્તન) |
| 21-12-2021 | મંગળવાર | ૪.સરવાળો (ભાગ-3) | ૧૯. પેટર્ન (તરાહ) ભાગ-3 |
| 22-12-2021 | બુધવાર | | |
| 23-12-2021 | ગુરુવાર | | |
| 24-12-2021 | શુક્રવાર | ૫. ટોપીઓ વેચનારો અને વાંદરા (ભાગ-૧) | ૧૪. બચ્ચું કહે ((ભાગ-૧) |
| 25-12-2021 | શનિવાર | | |
| 26-12-2021 | રવિવાર | | |
| 27-12-2021 | સોમવાર | ૪. સરવાળો (ભાગ-૪) | ૧૯. પેટર્ન (તરાહ) ભાગ-૪ |
| 28-12-2021 | મંગળવાર | ૫. ટોપીઓ વેચનારો અને વાંદરા (ભાગ-૨) | ૧૪. બચ્ચું કહે ((ભાગ-૨) |
| 29-12-2021 | બુધવાર | | |
| 30-12-2021 | ગુરુવાર | | |
| 31-12-2021 | શુક્રવાર | ૪. સરવાળો (પુનરાવર્તન) | ૧૯. પેટર્ન (તરાહ) ભાગ-૫ |

| ધોરણ- 3, ડીસેમ્બર. | | | | ધોરણ-4 | | ધોરણ-5 | |
|---|---|---|---|---|---|---|---|
| 01-12-2021 | બુધવાર | પર્યાવરણ | 11.આપણાં વાહનો(ભાગ-1) | પર્યાવરણ | 11.વાડીમાં (ભાગ-1) | ગણિત | 5.તે સરખું દેખાય છે?(ભાગ-3) |
| 02-12-2021 | ગુરુવાર | ગુજરાતી | બતક અને અથવા પણ હંસ.(ભાગ-3) | હિન્દી | નઈ રાહ (ભાગ-1) | અંગ્રેજી | 1.what is in this unit?(part-4) |
| 03-12-2021 | શુક્રવાર | ગણિત | પુનરાવર્તન (એકમ-5) | ગણિત | 7. જગ અને મગ (ભાગ-5) | પર્યાવરણ | 8.મચ્છર:રોગો અને સારવાર(ભાગ-2) |
| 04-12-2021 | શનિવાર | જોયફૂલ | | જોયફૂલ | | જોયફૂલ | |
| 05-12-2021 | રવિવાર | રજા | | રજા | | રજા | |
| 06-12-2021 | સોમવાર | ગુજરાતી | બતક અને અથવા પણ હંસ.(ભાગ-4) | ગુજરાતી | એકમ 5(પ્રવૃત્તિ 16 થી 22) | ગુજરાતી | 7.અલ્લક દલ્લક |
| 07-12-2021 | મંગળવાર | ગણિત | 7.સમય વહી જાય છે.(ભાગ-1) | ગણિત | પુનરાવર્તન (એકમ-6) | હિન્દી | ભાષા સજ્જતા ( 3 ) |
| 08-12-2021 | બુધવાર | પર્યાવરણ | 11.આપણાં વાહનો(ભાગ-2) | પર્યાવરણ | 11.વાડીમાં (ભાગ-2) | ગણિત | 6.તું મારો ગુણક,હું તારો અવયવ(ભાગ-1) |
| 09-12-2021 | ગુરુવાર | ગુજરાતી | બતક અને અથવા પણ હંસ.(ભાગ-6) | અંગ્રેજી | 1.get up and dance (part-1) | અંગ્રેજી | 2.umbrellas are colourful(1) |
| 10-12-2021 | શુક્રવાર | ગણિત | 7.સમય વહી જાય છે.(ભાગ-2) | ગણિત | પુનરાવર્તન (એકમ-7) | પર્યાવરણ | 9.ચઢીએ ઊંચા ચઢાણ!(ભાગ-1) |
| 11-12-2021 | શનિવાર | જોયફૂલ | | જોયફૂલ | | જોયફૂલ | |
| 12-12-2021 | રવિવાર | રજા | | રજા | | રજા | |
| 13-12-2021 | સોમવાર | ગુજરાતી | 7.એક છલાંગે દરિયો કૂદો(ભાગ-1) | ગુજરાતી | એકમ 5(પ્રવૃત્તિ 23 થી 27) | ગુજરાતી | પુનરાવર્તન -2 |
| 14-12-2021 | મંગળવાર | ગણિત | 7.સમય વહી જાય છે.(ભાગ-3) | ગણિત | પુનરાવર્તન (ભાગ-1) | હિન્દી | ભાષા સજ્જતા ( 4 ) |
| 15-12-2021 | બુધવાર | પર્યાવરણ | 12.આપણાં કામ. | પર્યાવરણ | 12.બદલાતો સમય | ગણિત | 6.તું મારો ગુણક,હું તારો અવયવ(ભાગ-2) |
| 16-12-2021 | ગુરુવાર | ગુજરાતી | 7.એક છલાંગે દરિયો કૂદો(ભાગ-2) | હિન્દી | નઈ રાહ (ભાગ-2) | અંગ્રેજી | 2.umbrellas are colourful(2) |
| 17-12-2021 | શુક્રવાર | ગણિત | 7.સમય વહી જાય છે.(ભાગ-4) | ગણિત | 8.ગાડું અને પૈડાં (ભાગ-1) | પર્યાવરણ | 9.ચઢીએ ઊંચા ચઢાણ!(ભાગ-2) |
| 18-12-2021 | શનિવાર | જોયફૂલ | | જોયફૂલ | | જોયફૂલ | |
| 19-12-2021 | રવિવાર | રજા | | રજા | | રજા | |
| 20-12-2021 | સોમવાર | ગુજરાતી | 7.એક છલાંગે દરિયો કૂદો(ભાગ-3) | ગુજરાતી | પ્રવૃત્તિ (28 થી 33) | ગુજરાતી | 8.ચરણોમાં (ભાગ-1) |
| 21-12-2021 | મંગળવાર | ગણિત | પુનરાવર્તન (એકમ-6) | ગણિત | 8.ગાડું અને પૈડાં (ભાગ-2) | હિન્દી | 9.કૈશા શોર?(ભાગ-1) |
| 22-12-2021 | બુધવાર | પર્યાવરણ | 13.આપણી લાગણીઓની ભાગીદારી! | પર્યાવરણ | 13.નદીની સફર | ગણિત | 6.તું મારો ગુણક,હું તારો અવયવ(ભાગ-3) |
| 23-12-2021 | ગુરુવાર | ગુજરાતી | 7.એક છલાંગે દરિયો કૂદો(ભાગ-4) | અંગ્રેજી | 1.get up and dance (part-2) | અંગ્રેજી | 2.umbrellas are colourful(3) |
| 24-12-2021 | શુક્રવાર | ગણિત | પુનરાવર્તન (એકમ-7) | ગણિત | 8.ગાડું અને પૈડાં (ભાગ-3) | પર્યાવરણ | 10.દીવાલોની કહાની(ભાગ-1) |
| 25-12-2021 | શનિવાર | નાતાલ | | નાતાલ | | નાતાલ | |
| 26-12-2021 | રવિવાર | રજા | | રજા | | રજા | |
| 27-12-2021 | સોમવાર | ગુજરાતી | 7.એક છલાંગે દરિયો કૂદો(ભાગ-5) | ગુજરાતી | એકમ 6 (ભાગ-1) | ગુજરાતી | 8.ચરણોમાં (ભાગ-2) |
| 28-12-2021 | મંગળવાર | ગણિત | પુનરાવર્તન (એકમ-1થી 4) | ગણિત | 8.ગાડું અને પૈડાં (ભાગ-4) | હિન્દી | 9.કૈશા શોર?(ભાગ-2) |
| 29-12-2021 | બુધવાર | પર્યાવરણ | 14.આપણો ખોરાક | પર્યાવરણ | 14.રાજુનું ખેતર | ગણિત | 7.તમે પેટર્ન(ભાત)જોઈ શકો છો?(ભાગ-1) |
| 30-12-2021 | ગુરુવાર | ગુજરાતી | 8.કીડી હતી કે હાથી હશે?(ભાગ-1) | હિન્દી | નઈ રાહ (ભાગ-3) | અંગ્રેજી | 3.travel time |
| 31-12-2021 | શુક્રવાર | ગણિત | પુનરાવર્તન (એકમ-5થી7) | ગણિત | 8.ગાડું અને પૈડાં (ભાગ-4) | પર્યાવરણ | 10.દીવાલોની કહાની(ભાગ-2) |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૦-D તા.૦૧-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- નિષ્ઠા ૩.૦(FLN) અંતર્ગત પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ ધોરણ ૧ થી ૫ના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને નિષ્ઠા (FLN) શિક્ષક તાલીમના ૫ થી ૬ના કોર્ષમાં જોડવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક : જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/૩૧૧૧૬-૮૧ તા.૨૯-૧૧-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને NISHTHA (National Initiative For School Heads and Teachers Holistic Advancement) અંતર્ગત પાયાગત વાંચન, લેખન અને ગણન Foundational Literacy and Numeracy(FLN) તાલીમના કોર્ષ મોડયુલ ૫ થી ૬માં જોડવાના રહે છે.

ડીસેમ્બર માસમાં શિક્ષકોએ કોર્ષ મોડયુલ ૫ થી ૬ની તાલીમ મેળવવાની રહેશે. આ તાલીમ ૧ ડીસેમ્બર થી ૩૧ ડીસેમ્બર સુધીમાં મેળવી શકાશે. તેમજ તા.૨૫ ડીસેમ્બર બાદ કોર્ષમાં રજીસ્ટ્રેશન થઇ શકશે નહી તે બાબતને ધ્યાને લેવા શિક્ષકોને જાણ કરવાની રહેશે. કોર્ષ મોડયુલ ૫ થી ૬ની તાલીમમાં એક સાથે બન્ને કોર્ષમાં(જોઇન કોર્ષ બટન કલીક કરી) શિક્ષકો જોડાય જેથી તા.૨૫ ડીસેમ્બર બાદ કોર્ષમાં રજીસ્ટ્રેશનના પ્રશ્નો ઉપસ્થિત રહે નહી.

**જિલ્લાકક્ષાએ નિષ્ઠા ૩.૦ (FLN) તાલીમમાં રાજ્યની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી શાળાઓના ધોરણ ૧ થી ૫ના શિક્ષકો અને મુખ્ય શિક્ષક જોડાય અને તમામ ૧૨ કોર્ષ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.**

શિક્ષકે ઓનલાઇન કોર્ષમાં જોડાવવા માટે સેલ્ફ ડિકલેરેશન ફોર્મ નિષ્ઠા પોર્ટલ પર ફરજિયાત ભરવાનું રહેશે અન્યથા કોર્ષમાં જોડાઇ શકાશે નહી. આ રજીસ્ટ્રેશનની વિગતોમાં જિલ્લો, તાલુકો, કલસ્ટરનું નામ, શાળાનું નામ, ટીચર કોડ અવશ્ય ભરવાનો રહેશે.

દરેક શિક્ષકને ઓનલાઇન કોર્ષ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્ષવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૨) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી સી.આર.સી.કો.ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.

સી.આર.સી.કો.ઓર્ડિનેટર શિક્ષકે કોર્ષવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૨) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૫ ડીસેમ્બર ૨૦૨૧ સુધીમાં સી.આર.સી.કો.ઓર્ડિનેટને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ |
| | | | | | |

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૧-૧૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

૩૨૨૧૫-૬૨

સચિવ

ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ: 29/11/2021

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ નિષ્ઠા 3.0 (FLN) અંતર્ગત પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ ધોરણ ૧ થી પના શિક્ષકો અને આચાર્યોને નિષ્ઠા (FLN) શિક્ષક તાલીમના ૫ થી ૬ ના કોર્સમાં જોડવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજયની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોને **NISHTHA** (National Initiative For School Heads' and Teachers' Holistic Advancement) અંતર્ગત **પાયાગત વાંચન, લેખન અને ગણન Foundational Literacy and Numeracy (FLN) તાલીમના** કોર્સ મોડયુલ ૫ થી ૬ માં જોડવાના રહે છે.

ડિસેમ્બર માસમાં શિક્ષકોએ કોર્સ મોડયુલ ૫ થી ૬ ની તાલીમ મેળવવાની રહેશે. આ તાલીમ ૧ ડિસેમ્બર થી ૩૧ ડિસેમ્બર સુધીમાં મેળવી શકાશે. તેમજ તા. ૨૫ ડિસેમ્બર બાદ કોર્સમાં રજીસ્ટ્રેશન થઇ શકશે નહી તે બાબતને ધ્યાને લેવા શિક્ષકોને જાણ કરવાની રહેશે.

કોર્સ મોડયુલ ૫ થી ૬ ની તાલીમમાં એક સાથે બંને કોર્સમાં (જોઇન કોર્સ બટન કલીક કરી) શિક્ષકો જોડાય જેથી તા. ૨૫ ડિસેમ્બર બાદ કોર્સમાં રજીસ્ટ્રેશનના પ્રશ્નો ઉપસ્થિત રહે નહી.


જિલ્લાકક્ષાએ **નિષ્ઠા 3.0 (FLN)** તાલીમમાં રાજયની તમામ પૂર્વ પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧ થી પના શિક્ષકો અને આચાર્યો જોડાય અને તમામ ૧૨ કોર્સ પૂર્ણ કરે તે માટે જરૂરી સંકલન કરી તેના સુચારું અમલીકરણની વ્યવસ્થા ગોઠવાય તે માટે જરુરી આયોજન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાનું રહેશે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નિષ્ઠા તાલીમ માટે નિયુક્ત થયેલ નોડલ ઓફિસરને જરુરી સૂચના આપની કક્ષાએથી આપવાની રહેશે.

- શિક્ષકે https://diksha.gov.in/exploreના માધ્યમથી નિષ્ઠાના 12કોર્સમાં ફરજિયાત જોડાવવાનું રહેશે.

| Sr. | FAQ by the Teacher / End User | Link |
|---|---|---|
| 1 | How do I **install** DIKSHA ? | https://youtu.be/ceZD5VET7vk |
| 2 | How do I **Sign-In or Register** on DIKSHA using my Laptop or Computer? | https://youtu.be/tL25_m8O0ww |
| 3 | How do I Sign-In or Register on DIKSHA using my Android Phone? | https://youtu.be/JsezA9ysA_I |
| 4 | How to login and **consume** DIKSHA courses on an Android Phone? | https://youtu.be/Bse2HRGkSxw |
| 5 | How to login and consume DIKSHA courses on a Laptop or Computer? | https://youtu.be/fhNgG6I52aI |

## Steps for self-declaration on DIKSHA

**Self-declaration process on DIKSHA**




1. Log into your DIKSHA account. Go to profile and click on "Edit"

2. Add your state, district, block, cluster and school and click on "Submit"

3. Log into your DIKSHA account. Go to profile and click on "Update"

4. Add the details and click on "Update"
*Note: Enter your unique teacher ID in the field "ID as requested by your state"*

- શિક્ષકે ઓનલાઇન કોર્સમાં જોડાવવા માટે સેલ્ફ ડિકલેરેશન ફોર્મ નિષ્ઠા પોર્ટલ પર ફરજિયાત ભરવાનું રહેશે અન્યથા કોર્સમાં જોડાઇ શકાશે નહીં. આ રજીસ્ટ્રેશનની વિગતોમાં જિલ્લો, તાલુકો, કલ્સ્ટરનું નામ, શાળાનું નામ, ટીચર કોડ અવશ્ય ભરવાનો રહેશે.

| | |
|---|---|
| **Course 05** | **FLN_Course 05: Understanding 'Vidya Pravesh' and 'Balvatika'** |
| **Course 06** | **FLN_Course 06: Foundational Language and Literacy** |

- ૫ અને ૬ કોર્ષમાં વ્યકતિગત રીતે જોડાવવાનું રહે છે. જેનું સમય પત્રક નીચે મુજબ છે.

| મોડયુલ | કોર્સનો સમય ગાળો | રિમાર્કસ |
|---|---|---|
| 5 થી 6 | 1-12-2021 થી 31-12-2021 | તારીખથી ૧ લી નવેમ્બર ૨૦૨૧ના રોજ કોર્સ શરૂ થશે. આ કોર્સમાં શિક્ષકે દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન કરી કોર્સ ટેબમાં જતાં કોર્સ જોવા મળશે. આ કોર્સમાં જોડાવવા માટે શિક્ષકે Join કોર્સ પર કલીક કરવાનું રહેશે |

- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સંબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે શિક્ષકે તેમના જિલ્લા નોડલ ઓફિસરનો (નિષ્ઠા તાલીમ) સંપર્ક કરવાનો રહેશે.

- દરેક શિક્ષકને ઓનલાઇન કોર્સ પૂર્ણ કર્યા બાદ નિષ્ઠા તાલીમ પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. જે માટે તાલીમાર્થીએ કોર્સના મૂલ્યાંકનકાર્યમાં 70% ગુણ પ્રાપ્ત કરવાના રહેશે તો જ તેનું જ ઓનલાઇન પ્રમાણપત્ર જનરેટ થશે. તાલીમ પૂર્ણ થયા બાદ ૧૫ દિવસમાં દીક્ષા પ્લેટફોર્મમાં લોગીન થતા પ્રોફાઇલ પેજમાંથી ડાઉનલોડ કરી શકાશે.
- દરેક શિક્ષકે તાલીમમાં શીખેલ બાબતોનું વર્ગખંડમાં ઉપયોજન કઇ રીતે કરવું તેનો કોર્સવાઇઝ અહેવાલ (મોડયુલ વાઇઝ કુલ ૧૨) સ્વાધ્યાયકાર્યના સમયગાળામાં તૈયાર કરી સી.આર.સી.કો. ઓર્ડિનેટરને જમા કરાવવાનું રહેશે.
- સી.આર.સી.કો.ઓર્ડિનેટરે શિક્ષકે કોર્સવાઇઝ જમા કરાવેલ અહેવાલ માટેનું રજીસ્ટર (મોડયુલ વાઇઝ કુલ ૧૨) નીચે આપેલ નમૂના મુજબ તૈયાર કરી ૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં બી.આર.સી.કો.ઓર્ડિનેટને તેમજ બી.આર.સી.કો.ઓર્ડિનેટરે દિન-૨ માં જિલ્લાના નોડલ ઓફિસરને જમા કરાવવાનું રહેશે.

| ક્રમ | શિક્ષકનું નામ | શાળા પ્રકાર | ભણાવતા હોય તે ધોરણ | મોડયુલવાઇઝ જમા કરાવેલ અહેવાલની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | 5 | 6 |
| | | | | | |

(વી. આર. ગોસાઇ)
સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

**નકલ રવાના જાણ અને અમલ સારૂં**

- પ્રાચાર્યશ્રી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સંકલનમાં રહી કામગીરી શરૂ કરાવવા જરૂરી આયોજન કરવા સારૂં


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

GCERT Gandhinagar


एन सी ई आर टी
NCERT

सत्यमेव जयते

# NISHTHA 3.0 (FLN)



# NISHTHA 3.0 Course-wise Completion % on target (1,16,425)



# NISHTHA 3.0 Course 1-2 Enrolment Summary

| Avg. Enrolment - Above 80% | | | | | |
|---|---|---|---|---|---|
| **District** | **Target Base** | **Avg. Enrolment %** | **District** | **Target Base** | **Avg. Enrolment %** |
| Navsari | 2210 | 129.93% | Surat | 5066 | 107.07% |
| Valsad | 3377 | 128.26% | Gandhinagar | 2576 | 105.47% |
| Ahmedabad | 5579 | 114.06% | The Dangs | 1223 | 103.92% |
| Vadodara | 3801 | 112.08% | Mahesana | 4314 | 100.54% |
| Jamnagar | 2340 | 107.91% | Bharuch | 2789 | 100.25% |
| Botad | 1267 | 107.34% | Rajkot | 3453 | 97.91% |

# NISHTHA 3.0 Course 1-2 Enrolment Summary

| Avg. Enrolment - Above 80% | | | | | |
|---|---|---|---|---|---|
| **District** | **Target Base** | **Avg. Enrolment %** | **District** | **Target Base** | **Avg. Enrolment %** |
| Devbhoomi Dwarka | 1619 | 94.26% | Amreli | 2739 | 86.36% |
| Tapi | 2105 | 94.20% | Kheda | 4922 | 84.83% |
| Junagadh | 2108 | 93.60% | Patan | 3475 | 84.81% |
| Mahisagar | 3496 | 93.55% | Morbi | 1803 | 84.75% |
| Porbandar | 929 | 92.95% | Kachchh | 5279 | 84.53% |
| Sabar Kantha | 4262 | 92.69% | Surendranagar | 3477 | 83.43% |
| Anand | 4189 | 89.64% | | | |

# NISHTHA 3.0 Course 1-2 Enrolment Summary

| Avg. Enrolment - Between 70% and 80% | | |
|---|---|---|
| **District** | **Target Base** | **Avg. Enrolment %** |
| Gir Somnath | 2144 | 79.97% |
| Narmada | 1866 | 78.54% |
| Panch Mahals | 5100 | 77.95% |
| Bhavnagar | 4659 | 77.32% |
| Dahod | 7584 | 71.02% |
| Chhotaudepur | 3481 | 70.99% |

## NISHTHA 1.0 Course 1-2 Enrolment Summary

| Avg. Enrolment - Below 70% | | |
|---|---|---|
| **District** | **Target Base** | **Avg. Enrolment %** |
| Banaskantha | 9689 | 62.95% |
| Aravalli | 3504 | 58.20% |